# જીઆઈપીએસમાં 'વૃક્ષારોપણ દિન'ની ઉજવણી







ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ ખાતે શનિવારે 'વૃક્ષારોપણ દિન'ની ઉજવણી કરવામાં આવી હતી. શાળાના પ્રાગણમાં વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકોએ વૃક્ષારોપણ કરી વિદ્યાર્થીઓનાં 'પર્યાવરણ જાગૃતિ'નો સંદેશ પાઠવ્યો હતો. વિવિધ વૃક્ષ વિશે તેમજ તેની ઉપયોગિતા વિશે વિશેષ જાણકારી મેળવ્યા બાદ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર વધુમાં વધુ વૃક્ષો વાવવા તેમજ જતન કરવા માટેની પૂર્ણ તૈયારી બતાવી હતી. વિદ્યાર્થીઓએ શિક્ષકગણ સાથે રાંધેજા ગામમાં રેલી સાથે 'વૃક્ષ વાવો જીવન બચાવો'ના નારા લગાવી જન જાગૃતિ ફેલાવવાનો પ્રયત્ન કર્યો હતો.

# વીપીએમપી પોલીટેકનીક દ્વારા યોગ દિવસની ઉજવણી કરાઈ



ગાંધીનગર, તા. ૨૨

વીપીએમપી પોલીટેકનીક, ગાંધીનગર ખાતે ઈન્ટરનેશનલ યોગ ડેની ઉજવણી કરવામાં આવી હતી. સૂક્ષ્મ વ્યાયામ, આસન, પ્રાણાયામ અને ધ્યાન જેવા ઉપક્રમો આ ઉજવણી અંતર્ગત યોજવામાં આવ્યા હતા. ડિપ્લોમા ઍન્જિનીયરિંગના વિદ્યાર્થીઓને વ્યાવહારિક સૂત્રો અને યોગ સાથે મનોવિજ્ઞાન, ભાવવિજ્ઞાન અને પદાર્થવિજ્ઞાન વિષયે પણ સમજૂતી આપવામાં આવી હતી.

મહર્ષિ પતંજલિ દ્વારા રજૂ કરવામાં આવેલ રાજયોગના આઠેય અંગો અને તેના અંતર્ગત આવતા વ્યાવહારિક સૂત્રો અંગે પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશનના માધ્યમથી સમજૂતી આપવામાં આવી હતી. કાર્યક્રમમાં ૩૦૦ ઉપરાંત વિદ્યાર્થીઓ અને સ્ટાફ મિત્રો ઉપસ્થિત રહ્યા હતા.

## કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બીબીએ કોલેજ દ્વારા

# "સેવ યૂથ ફ્રોમ ડિજિટલ ડિસ્ટ્રક્શન" વિષયે વર્કશોપ યોજવામાં આવ્યો



ગાંધીનગર, તા. ૨૨

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બી પી કૉલેજ ઑફબિઝનેસ ઍડમિનીસ્ટ્રેશન ખાતે 'સેવ યુથ ફ્રોમ ડિજિટલ ડિસ્ટ્રક્શન' વિષયે વર્કશૉપનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૨૪૫ જેટલા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

તજજ્ઞ વક્તા આશિષ શાહ દ્વારા વિદ્યાર્થીઓને ખૂબ મહત્વપૂર્ણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમણે વિદ્યાર્થીઓને શ્રેષ્ઠ કારકિર્દી ના ઘડતર માટે પહેલા આંતરિક રીતે વ્યક્તિ નો વિકાસ થાય તેમ જ તે પોતાના ધ્યેયને પામવા ટેકનિકલ રીતે કઈ બાબતોનું ધ્યાન રાખી અગ્રેસર થઈ શકે તે બાબતે માહિતી આપી હતી. સાથે સાથે તેમણે પોતાના જીવનમાં આવેલા અભ્યાસ દરમ્યાન અને કારકિર્દી દરમ્યાન ના સંઘર્ષ બાબતે પણ વિદ્યાર્થીઓને જણાવ્યું હતું. જેનાથી વિદ્યાર્થીઓને યોગ્ય કારકિર્દી ઘડતરમાં તેઓનો અનુભવ ઉપયોગ થઈ શકે.

સમગ્ર વર્કશોપનું સફળતાપૂર્વક આયોજન કોલેજના આચાર્ય ડો.રમાકાંત પૃષ્ટિ, પ્લેસમેન્ટ તેમજ ટ્રેનીંગ કમિટીના હેડ ડો.જયેશ તન્ના, પ્રો.જાનકી દવે દ્વારા કરવામાં આવ્યું હતું.

# સહજાનંદ સ્કૂલ ઑફ એચિવર દ્વારા વિશ્વ યોગ દિવસની ઉજવણી કરાઈ



ગાંધીનગર, તા. ૨૨

સુખી, સ્વસ્થ અને સરળ જીવન જીવવા માટે શરીરનું સ્વસ્થ રહેવું જરૂરી છે અને શરીરને સ્વસ્થ રાખવા માટે યોગ, ધ્યાન અને કસરત કરવી આવશ્યક છે તે બાબતને ધ્યાનમાં રાખીને સહજાનંદ સ્કૂલ ઓફ એચીવર ચિલોડા ખાતે શુક્રવારના રોજ યોગા-ડે ની ઉજવણી કરવામાં આવી હતી. સમર્પણ ધ્યાન યોગ પરિવાર તરફથી મયંકભાઈએ શાળામાં ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકોને યોગ અને ધ્યાનની મહત્વપૂર્ણ જાણકારી આપી હતી, જેનો મહામંત્ર હતો "હું એક પવિત્ર આત્મા છું'' અને "હું એક અશુદ્ધ આત્મા છું'' શાળાના પ્રાંગણમાં સમસ્ત શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષકો દ્વારા યોગ અને ધ્યાન લક્ષી એકસેસાઈઝ કરવામાં આવી હતી.



આલ્મા મેટર પ્રિસ્કૂલ, વાવોલ દ્વારા વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.





ભારતીય નૌસેનાના આઈ.એન.એસ. સતલજની પોરબંદરની મુલાકાત સાથે ૨૧ જૂન ૧૯ ના રોજ પોરબંદર ખાતે ગુજરાત નૌસેના ક્ષેત્ર દ્વારા વિશ્વ હાઈડ્રોગ્રાફી દિવસ ૨૦૧૯ ઉજવાયો હતો. આઈ.એન.એસ. સતલજ એક હાઈડ્રોગ્રાફી સર્વેક્ષણ જહાજ છે. આ પ્રસંગે જહાજને મુલાકાતીઓ માટે ખુલ્લું મૂકવામાં આવ્યું હતું અને પોરબંદરની વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓની આ જહાજની શૈક્ષણિક મુલાકાત પણ યોજવામાં આવી હતી. વિશ્વ હાઈડ્રોગ્રાફી દિવસની ઉજવણીના ભાગ રૂપે જહાજ પર એક ઔપચારિક સમારોહ પણ યોજવામાં આવ્યો હતો. ગુજરાત નૌસેના ક્ષેત્રના ફ્લેગ ઑફિસર કમાન્ડિંગ આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. પોરબંદર જિલ્લામાં સ્થિત વિવિધ સરકારી અને લશ્કરી સંસ્થાઓના વડાઓએ પણ આ કાર્યક્રમમાં હાજરી આપી હતી. વિશ્વ હાઈડ્રોગ્રાફી દિવસની ઉજવણી માટે પસંદ કરાયેલ તારીખ આંતરરાષ્ટ્રીય હાઈડ્રોગ્રાફિક સંગઠનની સ્થાપનાની વર્ષગાંઠ છે. વિશ્વ હાઈડ્રોગ્રાફી દિવસની ઉજવણી વહાણવટીમાં હાઈડ્રોગ્રાફીના ક્ષેત્રએ ભજવેલી મહત્વપૂર્ણ ભૂમિકા અંગે જનતાની જાગૃતિ વધારવા માટે વિશ્વભરના હાઈડ્રોગ્રાફર્સને એક તક આપે છે. ઉલ્લેખનીય છે કે વિશ્વ હાઈડ્રોગ્રાફી દિવસ ૨૦૧૯ 'હાઈડ્રોગ્રાફિક ઈન્ફોર્મેશન ડ્રાઈવિંગ મરીન નોલેજ'થીમ સાથે ઉજવવામાં આવ્યો હતો.

# એસ કે પટેલ સ્કૂલમાં યોગ દિવસની ઉજવણી



કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા સંચાલિત એસ કે પટેલ સ્કૂલમાં 'વર્લ્ડ યોગા ડે' ઉજવાયો હતો. શિક્ષકો અને બાળકોએ સાથે મળીને આ ઉજવણીને સાર્થક બનાવી હતી.

# સી.ડી.એસ.ની પરીક્ષા વિષે માહિતી આપશો

**કરિયર કોર્નર**
કારકિર્દી માર્ગદર્શક પ્રશ્નમંચ
હાર્દિક કે. પરીખ

નમસ્કાર. વાચકમિત્રો, આપનો સાથ અને સહકાર અમૂલ્ય છે. આપ લોકોના નિયમિતપણે આવતા ફીડબેક મારા આ કોલમ પ્રતિ ના લગાવ ને વધારે ને વધારે મજબૂત કરે છે. મને કહેતા ખૂબ આનંદ થાય છે કે હવે આ કોલમ ના વાંચકો માત્ર ગાંધીનગર શહેર માં જ નહિ પણ ગાંધીનગરની આસપાસના વિસ્તારો માં પણ વધી રહ્યા છે. સરસ વાત તો એ છે કે કેટલાક લોગો આ કોલમ ઓન-લાઈન વાંચી રહ્યા છે અને પ્રશ્નો પૂછી જ્ઞાનવર્ધક વાતો માં સહભાગી થઈ રહ્યા છે. 'કરિયર કોર્નર' કૉલમમાં હવે પ્રશ્નો માત્ર ગાંધીનગરથી નહીં પણ અન્ય શેહરો અને ગામો જેમ કે હિમતનગર, મોડાસા, કડી, કાલોલ, ભિલોડા, માણસા, ચાંદખેડા, પાલનપુર, અંબાજી, વગેરે શહેરોથી પણ આવી રહ્યા છે. આપ સૌનો પ્રતિસાદ મને ખૂબ પ્રોત્સાહિત કરે છે. પ્રશ્નોનો ચોક્કસ અને સચોટ ઉત્તર આપવાની કોશિશ હું કોશિશ કરતો રહીશ. જગ્યાની મર્યાદા હોવાથી બધા પ્રશ્નો પ્રકાશિત નથી કરી શકતા પણ તમને જવાબ ચોક્કસ મળશે.

હવે આપ અમને ફેસબુક પર કરી શકો છો : facebook.com/questions.careercorner પર...

**૧. યુ.પી.એસ.સી દ્વારા લેવામાં આવતી સી.ડી.એસ.ની પરીક્ષા વિષે માહિતી આપશો.એ માટે ની તૈયારી શી રીતે કરવી?**

**- રાહુલ ગિરિ, ગાંધીનગર**



ભારતીય લશ્કરી એકેડેમી (આઈ.એ.એમ), ભારતીય નૌકા એકેડેમી (આઈ.એન.એ), એર ફોર્સ એકેડમી (એ.એફ.એ), અને અધિકારીઓ તાલીમ એકેડેમી (ઓ.ટી.એ) માટે લાયક ઉમેદવારો પસંદ કરવા માટે યુ.પી.એસ.સી દ્વારા સી.ડી.એસ(કંબાઈન્ડ ડિફેન્સ સર્વિસ) પરીક્ષા લેવામાં આવે છે. સી.ડી.એસ પરીક્ષા વર્ષમાં બે વખત (સીડીએસ ૧ અને સીડીએસ ૨) યોજાય છે. લેખિત પરીક્ષાને ઉત્તીર્ણ કરનાર ઉમેદવારોને સેવા પસંદગી બોર્ડ (એસ.એસ.બી) દ્વારા ઈન્ટરવ્યૂ માટે બોલાવવામાં આવે છે. સી.ડી.એસ પરીક્ષામાં ત્રણ વિષયો હોય છેઃ સામાન્ય જ્ઞાન. અંગ્રેજી અને બેઝિક ગણિતશાસ્ત્ર. પ્રત્યેક વિષય માટે ૧૦૦ માર્કસ નું પેપર અને તેના માટે ૨ કલાક નો સમય આપવામાં આવે છે. આઈ. એમ.એ, આઈ.એન.એ, અથવા એ.એફ.એ માટે પસંદ કરાયેલા ઉમેદવારોએ આ તમામ વિષય ઉત્તીર્ણ કરવાના રહે છે. સી.ડી. એસ પરીક્ષા માટે તૈયારી કરવા માટે, ઉમેદવારને શારિરીક રીતે તેમજ માનસિક રીતે સખત મહેનત કરવા તૈયાર હોવું જોઈએ.વિષયવાર વાત કરીએ તો આપે અંગ્રેજી અને જનરલ નોલેજ માટે નિયમિત અંગ્રેજી ન્યૂઝપેપર નું વાંચન કરવું.દેશ અને દુનિયા માં બનતી મહત્વ ની રોજબરોજ ની ઘટનાઓ પર નજર રાખવી અને તેને લગતા વિષયો પર અધ્યયન કરવું.ગણિત માટે આપે નિયમિત પ્રેક્ટિસ કરવી અને એના માટેના યોગ્ય શોર્ટકટ પણ યાદ રાખવા જે તમને ઓછા સમય માં વધુ માર્કસ મેળવવા મદદ કરશે.આમ આપ અત્યાર થી જ જો અભ્યાસક્રમ મુજબ પરીક્ષા ની તૈયારી શરૂ કરશો તો આપને ચોક્કસ સફળતા પ્રાપ્ત થઈ શકે છે. વધુ જાણકારી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. શુભકામનાઓ એક જ્વલંત કારકિર્દી માટે!

**૨. મેં ૨૦૧૨ માં બી.કોમ ૪૦.૧૪ ટકા માર્કસ સાથે પૂરું કરેલ છે.મારે એલ.એલ.બી કરવાની ઈચ્છા છે.શું હું કરી શકું?**

**- ભાવિક, પોરબંદર**



ભાવિક, જી આપ કરી શકો છો કે નહીં એ જણવા માટે આપે સૌપ્રથમ એલ.એલ.બી.માં એડમિશન લેવા માટેની શૈક્ષણિક લાયકાત નો ખ્યાલ હોવો જરૂરી છે.ગુજરાત યુનિવર્સિટી હેઠળ ચાલતી એકાધિક કોલેજ માં આપ એડમિશન લઈ શકો છો.એ માટે ની લાયકાત આ મૂજબ છે.સૌપ્રથમ તો આપે માન્ય યુનિવર્સિટી માંથી આપનો સ્નાતક કક્ષા નો અભ્યાસ ઓછા માં ઓછા ૪૫% માર્કસ સાથે પૂર્ણ કરેલ હોવો જોઈએ.જો આપ અનુ.જાતિ(એસ.સી) અથવા અનુ. જનજાતિ(એસ.ટી) માં આવતા હોય તો આપને ૫ ટકા અને જો એસ.ઈ.બી.સી માં આવતા હોય તો ૩ ટકા સુધી ની રાહત મળી રહે છે.ઉમર ની વાત કરીએ તો એલ.એલ.બી માં એડમિશન લેવા માટે મહત્તમ ઉમર તા.૧ જૂન ૨૦૧૯ ને આધાર રાખી ૩૦ વર્ષ નક્કી કરેલ છે.આમાં પણ આપ જો અનુ. જાતિ અને જનજાતિ ના વિદ્યાર્થીઓ માટે ૫ વર્ષ સુધી ની રાહત આપવામાં આવેલ છે.અને જો આપે આપનું ગ્રેજ્યુએશન ગુજરાત યુનિવર્સિટી માંથી પાસ કરેલ નથી તો આપે યુનિવર્સિટી તરફ થી પી.ઈ.સી(પ્રોવિઝનલ એલીજીબીલીટી સર્ટિફિકેટ) પ્રાપ્ત કરવાનું રહેશે.આમ આપ જો ઉપયુક્ત લાયકાત ધરાવો છો તો આપ ચોક્કસ એલ.એલ.બી માં એડમિશન લઈ શકો છો. વધુ જાણકારી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. શુભકામનાઓ એક જ્વલંત કારકિર્દી માટે!

**૩. હું બી.કોમ.માં અભ્યાસ કરું છું. આઈ.ટી ઓફિસર બનવા માટે શું કરવું જોઈએ?**

**- આકાર પટેલ, ગાંધીનગર**



આકાર, આવકવેરા (ઈનકમટેક્ષ) અધિકારી બનવા માટે, સૌ પ્રથમ આવકવેરા નિરીક્ષક અથવા કર સહાયક તરીકે આવકવેરા વિભાગમાં પ્રવેશ કરવાનો રહે છે ત્યાર બાદ આપ વિભાગીય પરીક્ષાને પાત્રતા પ્રાપ્ત કર્યા પછી આવકવેરા અધિકારીની નિમણૂંક મેળવી શકો છો. આવકવેરા નિરીક્ષક અથવા ટેક્સ સહાયક તરીકે જોડાવા માટે જરૂરી પ્રથમ પગલું એ સંયુક્ત સ્નાતક સ્તરની પરીક્ષાને પાત્ર બનવું. તે પછી, ઈન્કમ ટેક્સ ઈન્સ્પેક્ટર પોસ્ટ માટે અને ટેક્સ સહાયક પોસ્ટ માટે સ્કિલ ટેસ્ટ હોય છે. આપ આ ઓલ ઈન્ડિયા લેવલની સ્પર્ધાત્મક પરીક્ષા માટે ઑનલાઈન અથવા ઑફલાઈન અરજી કરી શકે છો.આ માટે આપે એસ.એસ.સી (સ્ટાફ સિલેક્શન કમિશન) ધ્વારા લેવામાં આવતી સી.જી.એલ (કંબાઈંડ ગ્રેજ્યુએશન લેવલ)ની સ્પર્ધાત્મક પરીક્ષા આપી શકો છો. આ પરીક્ષા ત્રણ પડાવ માં લેવામાં આવે છે. પ્રથમ પ્રિલિમ પરીક્ષા ત્યાર બાદ મેઈન્સ અને ત્યાર બાદ ટાઈપિંગ ટેસ્ટ આપવાની હોય છે.આ પરીક્ષા માં મુખ્યત્વે અંગ્રેજી ,ગણિત ,રીઝનીંગ અને જનરલ નોલેજના પ્રશ્નો પુછવામાં આવે છે.આ પરીક્ષા માટે શૈક્ષણિક લાયકાતની વાત કરીએ તો આપે કોઈ પણ સરકાર માન્ય યુનિવર્સિટીમાંથી સ્નાતકની ડિગ્રી પ્રાપ્ત કરેલ હોવી જોઈએ.આમ આપ આ પરીક્ષા યોગ્ય અને સારી મેહનત કરી ને ચોક્કસ પાસ કરી શકો છો.એ માટે આપ અત્યાર થી જ મેહનત ચાલુ કરી આ પરીક્ષા માટે તૈયાર થઈ શકો છો.જનરલ નોલેજ અને અંગ્રેજી સુધારવા માટે આપ અંગ્રેજી ન્યૂઝપેપરનું વાંચન કરી શકો છો. વધુ જાણકારી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. શુભકામનાઓ એક જ્વલંત કારકિર્દી માટે !

તમારા કરિયરને લગતા પ્રશ્નો અમને મોકલી આપો અને અમારા તજજ્ઞો એના સચોટ જવાબ આપશે. આપના પ્રશ્ન સાથે આપનું નામ, ઉમર, ઈમેલ id, મોબાઈલ નંબર, અભ્યાસ અને શહેરનું નામ ચોક્કસ લખવું.

ઈમેલ : questions.careercorner@gmail.com
વોટ્સએપ નંબર : 88492 21653
ફેસબુકઃ www.facebook.com/questions.careercorner



કલોલ તાલુકાની લબ્ધપ્રતિષ્ઠિત સંસ્થા શેઠ એચ એમ સાર્વજનિક હાઈસ્કૂલ, સોજાના ઉપક્રમે વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. અતિથિઓ અને કેળવણી મંડળના સદસ્યો આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહ્યા હતા. શાળાના વ્યાયામ શિક્ષક સંજયભાઈ નાયક અને ઉત્સાહી આચાર્ય ભાવેશભાઈ જોષી દ્વારા યોગનું પ્રાયોગિક નિદર્શન કરવામાં આવ્યું હતું. શાંતિપાઠ દ્વારા આ કાર્યક્રમની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી. ગ્રામજનોમાં યોગ અંગે જાગૃતિ ફેલાય તે માટે વિદ્યાર્થીઓએ રેલીનું આયોજન આ પ્રસંગે કર્યું હતું.

# જન્મદિને વધામણી



**આર ડી ગાંધી**
મો. ૯૯૨૪૧ ૨૩૧૬૪



**પ્રવીણકુમાર એસ પટેલ**
મો. ૯૮૨૪૩ ૨૩૩૬૧



**કાળીદાસ જી નાયી**
મો. ૯૧૦૪૩ ૪૫૨૬૦

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક